P G V C L

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮ 42 તારીખ: 30-1-18

રજી.એ.ડી દ્વારા

પ્રતિ,
શ્રી ભરતભા દેવુભા ગઢવી,
આહીરવાસ, નવી સુંદરપૂરી
ગામ: ગાંધીધામ તા: ગાંધીધામ જી. કચ્છ

વિષય :- કેસ નંબર પીજી 03/૦૧૧/૨૦૧૭-૧૮
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં.પીજી 03/003/૨૦૧૭-૧૮

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ
ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ રવાના :-
(૧) અધિક ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ગાંધીધામ
(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ


પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનઃ- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સઃ- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-003-011-2017-18.**

અરજદાર: ભરતભા દેવુભા ગઢવી,

ગામ: ગાંધીધામ તા: ગાંધીધામ જી. કચ્છ

રજૂઆત કરનાર: ભરતભા દેવુભા ગઢવી

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ

રજૂઆત કરનાર: શ્રીમતી આર એસ શર્મા, કા.કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

3) શ્રી પી આર વ્યાસ, ટેકનીકલ મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હૉલ, પી.જી.વી.સી.એલ.,વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૫.૧.૨૦૧૮

::અરજદારની રજૂઆત::

૧. **અરજદારે અન્ય ગ્રાહકો થી ફેઈઝ વીજ જોડાણ ધરાવે છે તો તેઓને થ્રી ફેઇઝ વીજ જોડાણ આપવામાં આવે તેમ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.**




Scanned by CamScanner

૨. સદર કેસની વિગત નીચે મુજબ છે.

૨.૧ શ્રી ભરતભાઈ દેવુભા ગઢવી તા.૨૮.૦૮.૧૭ ના નાયબ ઇજનેરશ્રી, ગાંધીધામ પેટાવિભાગમાં થી ફેઇઝ વીજ જોડાણ મેળવવા રજૂઆત કરેલ છે

૨.૨ તેમના અનુસાર જાહેર સેવા નાગરિક અધિકાર અધિનિયમ-૨૦૧૩ મુજબ અન્ય ગ્રાહકો થી ફેઈઝ વીજ જોડાણ ધરાવે છે તો તેઓને થ્રી ફેઇઝ વીજ જોડાણ આપવામાં આવે.

૩. અરજદારને ફોરમ તરફથી તારીખ ૨૬.૧૨.૧૭, ૧૨/૦૧/૨૦૧૮,૧૯/૧/૨૦૧૮ સુનાવણીની મુદત આપવામાં આવેલ પરંતુ અરજદારશ્રી એક પણ મુદતમાં ફોરમ સમક્ષ ઉપસ્થિત રહેલ નથી.

:: પીજીવીસીએલની રજુઆત::

૪. સુનાવણી સમયે શ્રીમતી આર એસ શર્મા, કા.કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૪.૧ અરજદારની જગ્યા દબાણવાળી હોઈ વીજજોડાણ મેળવવા નગરપાલિકાના "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કર્યા બાદ નિયમ મુજબ વીજ જોડાણ મેળવી શકશે. નવા વીજજોડાણ માટે જીઈઆરસી નોટીફીકેસન ૪/૨૦૧૫ ની કલમ ૪.૧૬ તથા ૪.૨૦ મુજબ જરૂરી આધાર પુરાવા રજૂ કરેથી વીજજોડાણની કાર્યવાહી હાથ ધરી શકાય.

૪.૨ સદર બાબતની જાણ નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામએ પત્ર ક્રમાંક ગાંધીધામ/ટેક/ફરિયાદ/૧૭/૩૫૫૦ તા.૧૬.૧૨.૧૭ થી અરજદારને જણાવવામાં આવેલ છે.

૪.૩ તારીખ ૨૦.૧.૨૦૧૮ ના અરજદારએ રૂબરૂમાં નિવેદન આપેલ કે તેમને અધિકારીશ્રી તરફથી નવા વીજજોડાણ મેળવવા જરૂરી સમજણ આપવામાં આવલે છે અને તેમને અધિકારીશ્રીના જવાબથી સંતોષ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી.

::હુકમ::

૫. ફરીયાદી કે તેમના પ્રતિનિધિશ્રી તારીખ ૨૬.૧૨.૧૭ના રોજની બેઠકમાં હાજર રહેલ નહિ કે મુદત મળવા બાબત કોઈ રૂબરૂ કે લેખિત અરજી ફોરમ સમક્ષ કરેલ નહિ, આમ છતાં ન્યાયના હિતમાં ફરિયાદીને તેમની રજૂઆતની પુરતી તક આપવાના હેતુથી વધુ બે મુદત તારીખ ૧૨/૦૧/૨૦૧૮ અને ૧૯/૧/૨૦૧૮ આપવામાં આવેલ પરંતુ સદર બે મુદતમાં ફરીયાદી કે તેમના પ્રતિનિધિશ્રી હાજર રહેલ ન હતા.



Scanned by CamScanner

૫.૧ બંને પક્ષકારોની રજૂઆતો તથા અરજદારશ્રીએ સમાધાન પુરસીશ(પત્ર) લખી આપી જાહેર કરેલ છે કે ફરિયાદનું નિરાકરણ આવી ગયેલ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી. સબબ આ કેસમાં આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તથા ફરીયાદીએ સંમતીપત્ર લખી આપેલ હોઈ આ ફરિયાદ નિકાલ કરવામાં આવે છે.

૬. આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

પી આર વ્યાસ
ટેકનીકલ મેમ્બર

એન એચ જોષી
સ્વતંત્ર મેમ્બર

જે.બી. પારેખ
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Scanned by CamScanner